# સત્સંગ બાલવાટિકા

**સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)**

### દિવાળીનો આનંદ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

દિવાળી તો દિવાળી. જ્યાં જુઓ ત્યાં અજવાળી સહુને લાગે મરમાળી, સત્સંગના આનંદવાળી દિવાની દિવાળી. એનું નામ પડતાં જ બાળકો નાચવા લાગે અને જુવાનો થનગનવા લાગે, વડીલો વિચારવા લાગે.

એવું જ બન્યું. આજે દિવાળીનો દિવસ એટલે યુવાનો થનગનવા લાગ્યા. પોતપોતાની બંદુકો સજાવી તૈયાર કરી. ગામની ભાગોળે તલાવ, તલાવના કિનારે પોતપોતાની બંદુકો સાથે યુવાનો પહોંચી ગયા. આખું ગામ પણ ત્યાં ભેગું થયું. એટલું જ નહી સોનામાં સુગંધની જેમ આજતો સ્વામિનારાયણ ભગવાન અને સાથે પાંચસો સંતો અને આજુબાજુના ગામના હજારો ભક્તો પણ....

મિત્રો ! હજુ તમને ખબર ન પડી કે ક્યા ગામની વાત છે ! વાત છે મોટી આદરજ ગામની. અહીં પરંપરા મુજબ દિવાળીના દિવસે એક એવી અજબ રમત રમાય કે ન પૂછો વાત. રમત એવી કે માટીના લોટીયા ઉપર કોડિયું મુકવાનું. કોડિયામાં વાટ પ્રગટાવીને મુકવાની પછી  માટીનું પાત્ર પાણીમાં તરતું મુકવાનું. તરતું તરતું તળાવની વચ્ચે જાય એટલે ખાંટ પરિવારના બધા યુવાનો વારા ફરતી બંદુક લઈને આવે અને એ રીતે નિશાન લે કે માટીના પાત્રને ગોળી વાગે નહિ અને ફક્ત એ સળગતી વાટ ઉડી જાય. આ રીતે જે નિશાન લે તે સાચો નિશાનબાજ. તેનું સન્માન થાય તાળીના ગડગડાટ થાય. આવી અનોખી રમત રમાય.

આજ તો તળાવની પાળે સ્વામિનારાયણ ભગવાનના સાનિધ્યમાં રમતની શરૂઆત થઈ. સાંજનો સમય થયો. અંધારૂ થયું અને એક પછી એક કેટલાંય યુવાનો આવ્યા પણ કોઈનાથી નિશાન લેવાયું નહી. એટલે સ્વામિનારાયણ ભગવાન કહે છે, રતુખાંટજી આવું કેમ થાય છે ? કેમ કોઈ નિશાન લઈ શકતાં નથી ? ત્યારે રતુ ખાંટ કહે છે, મહારાજ ! એ તો કાયમ આવું જ થાય છે. પચીસ-પચાસ પાત્રો તુટે પછી માંડ કોઈ એકાદ જણ નિશાન લઈ શકે.

ત્યારે સ્વામિનારાયણ ભગવાન કહે છે, રતુજી ! પહેલે ધડાકે જે નિશાન લે એવા નિશાનબાજ અમારી પાસે છે. તમે કહેતા હો તો ઉભા કરીએ. હે !! મહારાજ ! શું વાત કરો છો ! એવા નિશાનબાજ આપની સાથે કોણ છે ? અને મહારાજે પાર્ષદવર્ય ભગુજીને આજ્ઞા કરી. ભગુજી ઉભા થયા. મહારાજને પગે લાગ્યા. હાથમાં બંદુક લીધી. માટીના પાત્ર પર કોડિયું મુકાયું. તેમાં વાટ પ્રગટાવી તલાવના પાણીમાં તરતુ મુકાયું. પાત્ર ધીમે ધીમે દૂર ગયું. ચારે બાજુ અંધારૂં એમાં ફક્ત એક પ્રગટતી જ્યોત જ દેખાય. અને ભગુજીએ સ્વામિનારાયણ ભગવાનનું નામ લઈ નિશાન લીધું. એક જ ધડાકે વાટ ઉડી ગઈ. અજવાળું કરવામાં આવ્યું. જોયું તો માટીનું પાત્ર તર્યા કરે છે. ફક્ત વાટ ઉડી ગઈ.

તાળીઓ પડવા લાગી. વાહવાહ થવા લાગી. સ્વામિનારાયણ ભગવાનનો જય હો.... સ્વામિનારાયણ ભગવાનનો જય હો.... રતુજીના પરિવારના સહુને નવાઈ લાગી કે - આવા નિશાનબાજ સર્વસ્વ છોડીને ભગવાનની સાથે ફરે છે ! બધાને એમ કે ભગવાન સાથે ફરતા હોય તે તો ફક્ત માળા જ ફેરવી જાણે.

સ્વામિનારાયણ ભગવાન કહે છે. ભક્તો ! અમારી પાસે તો બધી રીતનું સૈન્ય છે. શસ્ત્રથી લડવું હોય તો આ શુરવીર, બહાદુર પાર્ષદો છે. અને શાસ્ત્રથી લડવું હોય તો અમારા આ સંતો છે.

પછી બીજા દિવસે આ આદરજ ગામમાં સ્વામિનારાયણ ભગવાને મહામોટો અન્નકૂટ ઉત્સવ કર્યો જે સંપ્રદાયના ઈતિહાસમાં અમર બની ગયો. રતુ ખાંટના માતા સુજાનબા તેમજ બહેન હવનબા તથા બ્રાહ્મણ ભક્તો, સંતોએ અન્નકૂટ માટે વિવિધ વાનગીઓ ખૂબજ ભાવ અને પ્રેમથી બનાવી. અમદાવાદના ગંગાબાઈ, રેવાબાઈ વગેરે બહેનોએ પણ વિવિધ વાનગીઓ બનાવી.

ભક્તરાજ રતુખાંટના ઘરના વિશાળ ચોકમાં સુંદર મંડપ શણગાર્યો. તેમાં બાજોઠ ઉપર સ્વામિનારાયણ ભગવાન વિરાજ્યા. અને આ બધી વાનગીઓ ભાવ-પ્રેમ શ્રધ્ધા સાથે ભગવાનને અર્પણ કરી.

પ્રભુ ભાવથી જમ્યા પછી સંતો, પાર્ષદો તથા આજુબાજુના ગામથી આવેલા હરિભક્તો બધાને જમાડ્યા. રતુખાંટે ભગવાનની પૂજા કરી. જયજયકાર થવા લાગ્યો.

મિત્રો ! મજા આવીને, આજ તો આપણે દિવાળી મસ્ત ઉજવાઈ. તો યાદ રાખજો. જીવનમાં સદાય દિવાળીના જેવો આનંદ જોઈતો હોય તો હંમેશા ભગવાનને સાથે રાખજો. જો એટલું કરશો તો તમારૂં કોઈ નિશાન ખાલી નહી જાય. એટલે કે કોઈ પણ શુભ સંકલ્પો અધુરા નહી રહે.

બાલ વાટિકાના સહુ વાચક મિત્રોને-ભક્તોને નૂતન વર્ષાભિનંદન સહ જય સ્વામિનારાયણ.

●

### જાગતા રહેવું

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

મિત્રો ! આ વખતે તો આખા ગુજરાતમાં મેઘરાજાની કેવી મહેર થઈ છે ! ચોમાસામાં ધોધમાર વરસાદ પડ્યો છે. નાની નાની નદીઓની તો શું વાત કરવી, મોટી મોટી નદીઓ પણ બંને કાંઠે વહી રહી છે. જ્યાં જુઓ ત્યાં બસ પાણી પાણી, જળ બંબાકાર. આ વરસાદની ઋતુમાં વાત કરતાં કરતાં એક વાત યાદ આવી ગઈ.

એક વખતે આવો જ ધોધમાર વરસાદ વરસેલો. તળાવો, કૂવા ભરાઈ ગયેલા. પહેલાં તો આટલી બધી ગટરોની વ્યવસ્થા નહોતી તેથી ભરાઈ રહેલા પાણીમાં બહુ મચ્છરો થયાં. મચ્છરો તો નાના ને કરડે, મોટાને કરડે. એટલું જ નહી પશુઓને પણ મચ્છર કરડે.

આવામાં એક ઊંટને પણ મુશીબત આવી પડી. આ ઉંટ ન ધણિયાતું હતું. કોઈ માલિક જેને હોય નહી તે નધણિયાતું ઢોર કહેવાય. જંગલમાં રખડે, મન ફાવે ત્યાં ખાય. તેવામાં વરસાદ ખૂબ પડતાં તેનું નાક સડી ગયું. જ્યાં સડો થયેલો તે જગ્યાએ તેને ખૂબ મચ્છરો કરડવા લાગ્યા. મચ્છર કરડે અને પીડા થાય તેથી આમ તેમ ચારે બાજુ દોડા દોડ કરે. તેની ચાકરી કરે કોણ ! કારણ કે તે તો નધણિયાતું હતું. આમ દોડાદોડ કરતા. રઝળપાટ કરતા તે એક ગામની ભાગોળે આવી પહોંચ્યુ.

જ્યાં કોઈ ઘરમાં પ્રવેશવાની કોશિશ કરે ત્યાં તો ધોકો પડે. તેવામાં તેની નજરમાં નાની સરખી ઘાસની ઝૂંપડી આવી. તે ઝૂંપડીમાં એક ડોશીમાં એકલાં જ રહેતાં હતાં. તેમને કોઈ સંતાન હતું નહીં. ઉંટને વિચાર આવ્યો. આ ઘરમાં કોઈ ધોકો મારે તેવું દેખાતું નથી. ઘરડાં માજી તો શું કરી શકશે !! આવો વિચાર કરી ઉંટે પોતાની લાંબી ડોક આ માજીની ઝૂંપડીમાં અંદર ઘાલી. ઉંટને અંદર આવતું જોઈ ડોશીએ લાકડી તો લીધી પણ તરત જ ઊંટ કહેવા લાગ્યું - ‘‘અરે, અરે !! મને મારશો નહી. મારી વાત તો સાંભળો. હું તો ગરીબ જનાવર છું. તમને કોઈ તકલીફ નહી થવા દઉં. બહાર બહુ વરસાદ પડે છે અને મચ્છર મને બહુ ત્રાસ આપે છે. તમારા આ ઝૂંપડામાં મને ખાલી મારું માથું રાખવા દો આટલી દયા કરો.’’

ઉંટની લાચારી ભરી અરજી સાંભળી ડોશીમાને દયા આવી ગઈ. ભલે ત્યારે, ફક્ત મોઢું જ રાખજે. ઉંટે મોઢું અંદર રાખ્યું. ડોશીમાં પોતાના ઘરકામમાં લાગી ગયા. થોડીવારમાં તો ઉંટે મોઢાની જગ્યાએ આખી ડોક ઝૂંપડીમાં ઘાલી દીધી. ડોશીને ખીજ તો ચઢી પણ મરશે... તેમ કહી કાંઈ બોલ્યા નહી, હવે તો ઉંટને ખાત્રી થઈ ગઈ, અહીંયા કોઈ બોલે તેમ છે નહીં. આપણી બધી પોલંપોલ ચાલશે. પછી તો આગલા બે પગ પણ ઘૂસાડ્યા. પણ ડોશી તો ના છૂટકે ચૂપ રહી કામ કરતા રહ્યા. પાંચ-દસ મિનિટ થઈ હશે ત્યાં તો આખું ઉંટ માજીની આ ઝૂંપડીમાં ઘુસી ગયું. જેવું ઉંટ આખું ઝૂંપડીમાં ઘૂસ્યું કે કાચી ઝૂંપડી આખી અધ્ધર થઈ ગઈ. થાંભલીઓ ઉપડી ગઈ ને પાણીનો ધસમસતો પ્રવાહ ઝૂંપડી અને અંદરનો બધો સામાન એટલે કે કપડા, વાસણ, અનાજ બધું પોતાના વેગમાં તાણી ગયો. ઉંટે પોતાના સ્વાર્થના કારણે તેને સહારો આપનાર ડોશીનું ઘર ખેદાન મેદાન કરી નાખ્યું.

હવે ડોશીના માટે કોઈ સહારો ન રહ્યો ને તે આ ઊંટને મદદરૂપ થવા બદલ પોતાને કોશવા લાગ્યા પણ હવે તેનાથી શું !

મિત્રો ! આ વાત બહુ નાની છે પણ જો વિચાર કરીએ તો બહું મોટી વાત છે. ઘણીવાર લાગણીવશ કે અજ્ઞાન વશ દુષ્ટ માણસો પ્રત્યે રાખેલી દયા બહુ ખરાબ પરિણામ લાવે છે. જ્યારે આપણી દયાનો ગેરલાભ ઉઠાવી કોઈ દુષ્ટ લોકો પોતાનું ધાર્યું કરી રહ્યા હોય ને આપણે તેનો પ્રતિકાર પણ ન કરી શકીએ ત્યારે આપણે આ ડોશીની જેમ ઘણું બધું ગુમાવવાનો વારો આવે છે. અત્યારે નાની ઉંમરમાં કદાચ સમજાશે કે નહી પણ એક વાત જરૂર યાદ રાખજો કે હંમેશા જાગતા રહેવું. શુરવીર રહેવું, અનિષ્ટોનો પ્રતિકાર કરી શકાય તેટલું સામર્થ્ય કેળવવું બહુ જરૂરી છે. નહી તો આવા સડેલા નાક વાળ ઊંટો આવીને આપણી સમજણરૂપી, સંપ, સેવાને સદ્‌ભાવ જેવા ગુણો રૂપી ઝૂંપડીને ખેદાન મેદાન કરી ન નાંખે તે માટે જાગતા રહેવું ઘણું જરૂરી છે.

વળી બાજી વાત, જો ઊંટ નધણિયાતું હતું તો તેનું ધ્યાન રાખનાર કોઈ હતું નહીં. પણ જો ધણિયાતું હોત તો તેનો માલિક તેનું ધ્યાન રાખત. આપણા ઈષ્ટદેવ શ્રીહરિએ પણ ગઢડા પ્રથમ પ્રકરણના બત્રીસમાં વચનામૃતમાં પ્રશ્ન પૂછ્યો છે કે - ‘‘વળી જેમ ધણિયાતું ઢોર હોય તે સીમમાં ચરીને સાંજે પોતાને ખીલે આવે છે અને જે હરાયું ઢોર હોય તે ખીલે આવે નહી. અને જેનું તેનું ખેતર ખાઈને જ્યાં ત્યાં બેસી રહે, પછી કોઈક ધોકા મૂકે, કાં વાઘ આવે તો મારે. તેમ તમે તે ધણિયાતા ઢોરની પેઠે ખીલે આવો છો ? કે હરાયા ઢોરની પેઠે કોઈનું ખેતર ખાઈને જ્યાં ત્યાં બેસીને વિરામ કરો છો ?

હરિભક્ત તરીકે આપણે ધણિયાતા ત્યારે જ કહેવાઈએ કે જ્યારે આખા દિવસની પ્રવૃત્તિથી પરવારી સાંજે મંદિરે આવી ઈષ્ટદેવની ભજન-ભક્તિ-ઉપાસના કરીએ. ગામમાં મંદિર ન હોય તો ઘરે બેસીને પણ ભજન-કીર્તન થાય તો સમજવું કે આપણે ધણિયાતા છીએ. અને જો ધણિયાતા હોઈશું તો ધણિ આપણું ધ્યાન રાખશે ને આપણું શ્રેય થશે. બાલવાટિકાના સહુ વાચક મિત્રોને નૂતન વર્ષાભિનંદન સહ જય સ્વામિનારાયણ.